**તા.૨૫/૦૬/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૮૫૯/૨૦૨૫**

**ઈસનપુરઃ** રાજેન્દ્રસિંગ ગુરૂચરણસિંગ ખનુજા (ઉ.વ.૫૦)(રહે.ધરમદેવનગર મુક્તજીવન સ્કુલની બાજુમાં ઘોડાસર) એ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નીતીશકુમાર સુદર્શન પાંડેય (રહે.સાંઇ કોમ્પલેક્ષ, એન.એચ–33 બાલીગુમા ડીમના, જમશેદપુર, એમ.જી.એમ. મેડીકલ કોલેજ, પુર્વ સિંહભુમિ ઝારખંડ) એ રાજેન્દ્રસિંગ ખનુજાને સસ્તામાં ટ્રેલર, ક્રેઇન, જેવા ફોર વ્હીલ વાહનો અપાવવાનો વિશ્વાસ આપી, શરૂઆતમાં આપેલ ઓર્ડર મુજબની ક્રેઇન તથા ટ્રેલર મોકલી આપી વિશ્વાસ કેળવી, ૧૪ ટનની હાયડ્રા ક્રેઇનનો ઓર્ડર પેટે ક્રેઇનના કુલ રૂપિયા ૭,૭૫,૨૬૦/– મેળવી લઇ, આજદીન સુધી ક્રેઇન કે રૂપિયા પરત નહીં આપી, રાજેન્દ્રસિંગ ખનુજા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ–** **સમાચાર યાદી નં.૮૬૦/૨૦૨૫**

**માધવપુરાઃ** ડીમ્પલબહેન વા/ઓ ચંપાલાલ મારવાડી (ઉ.વ.૩૨)(રહે.દેવરાજનગર શ્રીરામ ટેનામેન્ટની બાજુમાં શાહવાડી નારોલ) એ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૫ ના કલાક ૫/૩૦ થી કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર રેલ્વે સ્ટેશન થી સાબરમતી જવા સારૂ પોતાના પતિ અને બાળકો સાથે રિક્ષામાં બેઠા હતા ત્યારે રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી ડીમ્પલબહેનની નજર ચુકવી તેમની પાસેના લેડીઝ પર્સમાં રહેલ થેલીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૨,૮૦૦/– મતાની ચોરી કરી લઇ, શાહીબાગ સ્પેક્ટ્રમ ટાવર સામેના રોડ ઉપર રીક્ષા ઉભી રાખી, "એક પેસેન્જરને ગલીમાં ઉતારવાનુ છે" તેમ કહી ડીમ્પલબહેન તથા તેમના પતિ અને બાળકોને રીક્ષામાંથી નીચે ઉતારી તમામ રીક્ષા લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી બી.યુ.ગંડેચા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** પ્રવીણભાઇ હિરજીભાઇ ડોડિયા (ઉ.વ.૬૭)(રહે. સીમરાજ એવન્યુના બીજા માળે નાયરા પેટ્રોલ પંપની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણોસર તા.૨૪/૦૬/૨૦૨૫ ના કલાક ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**નરોડાઃ** અંકીતાબેન ભુપેન્દ્રભાઈ પટેલ(ઉ.વ.૩૨)(રહે. દેવઆશીષ-૨, હંસપુરા નરોડા)એ અગમ્ય કારણોસર તા.૨૪/૦૬/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ઓઢવઃ** વિનોદભાઇ રમણીકભાઇ સિધ્ધપુરા (ઉ.વ.૪૯)(રહે.શ્રીધર સ્પર્શ એપાર્ટમેન્ટ, રોયલ હોટેલના ખાંચામા, ન્યુ વસ્ત્રાલ સીંગરવા ઓઢવ) એ અગમ્ય કારણોસર તા.૨૪/૦૬/૨૦૨૫ સવારના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

**શહેરકોટડાઃ** ચરણસિંગ વિશમ્ભરસિંગ નાયાક (ઉ.વ.૩૯)(રહે.બંસીની ચાલીના છાપરા, અશોક મીલ સામે, નરોડા રોડ) એ અગમ્ય કારણોસર તા.૨૪/૦૬/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છાપરાની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિધ્ધરાજભાઈ ધુડાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી